સરકારી કર્મચારીઓ માટે ૧૨ અને ૨૪
<u>વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના.</u>
ખાતાકીય પરીક્ષા/ લાયકાત વગેરે બાબત સુચનાઓ

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૮- ૧ -મ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૨/૮/૨૦૦૮

## પ રિ પ ત્ર

રાજય સરકારના કર્મચારીઓને ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવા અંગેના નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ, તા.૨-૭-૨૦૦૭ થી યોજના દાખલ કરવામાં આવેલ છે. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૭-૧૧૩-મ, તા. ૧૪-૯-૨૦૦૭ ના ઠરાવથી કેટલીક સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવેલ છે. આ યોજનાના અમલ તેમજ અર્થઘટન સંદર્ભમાં કેટલીક વધુ સૂચનાઓ નીચે મુજબ બહાર પાડવામાં આવે છે.

(૧) જે કર્મચારીઓએ ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે અરજી કરેલ હશે તે કર્મચારીઓએ બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પાસ કરી ન હોય તો પણ તેમને પાત્રતાની તારીખથી બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહે છે. આથી દરેક વિભાગે બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓ નિયમિત રીતે યોજાય તે જોવાનું રહેશે.

(૨) વિભાગો દ્વારા નિયમિત રીતે ખાતાકીય પરીક્ષાઓ યોજી શકાય તે માટે વિભાગોએ ખાતાકીય પરીક્ષાના નિયમો તૈયાર કરેલા હોવા જોઇશે. જો કોઇ વિભાગો દ્વારા બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓ અંગેના નિયમો બનાવેલ ન હોય અથવા તે અપૂરતા હોય તો તે અંગેની કાર્યવાહી આ ઠરાવ રવાના થયા તારીખથી <u>૬(છ)</u> મહિનામાં પૂર્ણ કરવાની રહેશે.

(3) પાત્રતા ધરાવનાર કર્મચારી ક્રમિક લેવાનાર પરીક્ષામાં હાજર રહી પરીક્ષા પાસ કરી શકે તે માટે નિયમિત રીતે ખાતાકીય પરીક્ષાઓ યોજવાની પૂર્ણ જવાબદારી વિભાગો/ ખાતાના વડાની રહેશે. આ જોગવાઇમાં કોઇ છૂટછાટ આપવામાં આવશે નહિ.

(૪) ઉપરની સુચનાઓનો તમામ વહીવટી વિભાગોએ/ તેમના ખાતાના વડાની કચેરીઓએ ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.ડી. સેઈલર)
ઉપ સચિવ
નાણા વિભાગ.

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
  માનનીય મંત્રીશ્રીઓ/ રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
  માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
  સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ/કચેરીઓના વડાઓ.
  એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
  એકાઉન્ટન્ટ જનરલ-૨(એ. એન્ડ ઇ.),ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
  નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
  સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
  સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/ પેટા તિજોરી અધિકારીશ્રીઓ
  સર્વે યુનિવર્સિટી/ બોર્ડ/નિગમ/રાજય સરકારના જાહેર સાહસો.
  પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
  પગાર અને હિસાબી અધિકારી, સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર/ વડોદરા.
  નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
  નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.
  સર્વે માન્ય મંડળો.
  સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ, વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.
  <u>પસંદગી ફાઇલ, મ-શાખા</u>
- પત્ર દ્વારા.

D:\SRUTI-MD\ડીએસ-લેટર.doc